**ક્રમાંક–૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**બુધવાર, તા. ૧લી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૧લી, માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮ થી ૧૧૯ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **નિયમ–૧૧૬ હેઠળની નોટિસ પર ચર્ચા કરવા સમય ફાળવવા બાબત**

કૉંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ પ્રશ્નોત્તરીનો સમયગાળો પૂરો થયા બાદ નિયમ–૧૧૬ની નોટિસની ચર્ચા કરવા સમય ફાળવવા અંગેનો મુદ્દો ઉઠાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ–૧૧૬ની નોટિસ મળી છે અને તેને દાખલ કર્યા બાદ નક્કી કરેલ દિવસે તેના પર ચર્ચા થઇ શકે એ રીતની નિયમોમાં જોગવાઇ હોવાનું જણાવ્યું.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ તથા સભ્યશ્રી રમણલાલ વોરાએ વિધાનસભાના નિયમો પ્રમાણે કાર્યવાહી કરવા અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

ત્યારબાદ કૉંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમાર તથા અર્જુનભાઇ મોઢવાડિયાએ ઝીરો અવર્સ અને સભા મોકૂફી દ્વારા પણ ચર્ચા કરી શકાય તેવી રજૂઆત કરી.

આ તબક્કે કૉંગ્રેસ પક્ષના સભ્યો અને આપના સભ્યો દ્વારા સભાગૃહમાં પ્લે–કાર્ડ બતાવી સતત સૂત્રોચ્ચાર કરવામાં આવતા, જેઓ દેખાવ કરી રહ્યા છે તેઓને પોતાના સ્થાન ઉપર બેસી જવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરી. આ તબક્કે પ્લે–કાર્ડ બતાવી રહેલા સભ્યશ્રીઓ પાસેથી પ્લે–કાર્ડ લઇ લેવા માટે સાર્જન્ટને માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પણ સરકાર પ્રો–એક્ટિવ થઇને ખૂબ સારી રીતે કાયદાકીય રીતે કામ કરી રહી હોઇ, વિધાનસભા ગૃહ વિધાનસભાના નિયમો પ્રમાણે ચલાવવાની રજૂઆત કરી.

ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આ વિષય બાબતે વિધાનસભાની બહાર તથા જ્યારે નિયમ–૧૧૬ની ચર્ચા સભાગૃહમાં હાથ ધરવામાં આવશે ત્યારે બધી જ માહિતી આપવાની તૈયારી દર્શાવી અને વિધાનસભા નિયમો અને પ્રણાલી મુજબ ચાલવા દેવાની વાત કરી.

સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ ગૃહમાં આ પ્રકારની ઘટના વારંવાર ન બને એ માટેનો આદેશ આપવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમો મુજબ જ નિયમ–૧૧૬ની નોટિસ દાખલ કર્યા બાદ જ તે અંગે ચર્ચા કરી શકાય અને આ બાબતે પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આપેલ ચુકાદાઓને તેઓશ્રી વળગી રહે છે, જેનાથી નારાજ થઇ કૉંગ્રેસ પક્ષના અને આમ આદમી પાર્ટીના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૩. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રશ્નોત્તરી બાદ કૉંગ્રેસ પક્ષ તથા આપના સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં સતત સૂત્રોચ્ચાર, દેખાવો અને પ્લે કાર્ડનું પ્રદર્શન કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી હોવાથી તત્સમયે ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યોને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઇ ડીંડોરે સમર્થન આપ્યું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ સસ્પેન્ડ કરાયેલા કોંગ્રેસ અને આપ પાર્ટીના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ હેઠળ દૂર કરવા આદેશ કર્યો.

૪. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી મહેશ કસવાલાએ, સભ્યશ્રી પ્રવિણકુમાર માળીના અનુમોદનથી તા.૨૩મી, ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી ગણપતસિંહ વસાવા
(૨) શ્રી જયદ્રથસિંહજી પરમાર
(૩) શ્રી નરેશભાઇ પટેલ
(૪) શ્રી ફતેસિંહ ચૌહાણ
(૫) શ્રી ગોવિંદભાઇ પરમાર
(૬) શ્રી રમેશભાઇ મિસ્ત્રી
(૭) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૮) શ્રી કેશુભાઇ પટેલ
(૯) શ્રી અનિકેત ઠાકર

**(વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૦) શ્રી જયંતિભાઇ પટેલ
(૧૧) શ્રી સરદારભાઇ ચૌધરી
(૧૨) શ્રી કિરીટકુમાર કે.પટેલ
(૧૩)શ્રી મુકેશકુમાર ડી.પટેલ
(૧૪) શ્રીમતી રીટાબેન પટેલ
(૧૫) શ્રી હાર્દિક પટેલ
(૧૬) શ્રી અમિત ઠાકર
(૧૭) શ્રી બાબુસિંહ જાદવ
(૧૮) શ્રી અમિત શાહ
(૧૯)શ્રીમતી ડો.પાયલબેન કુકરાની
(૨૦) શ્રી પરસોત્તમભાઇ પરમાર
(૨૧) શ્રી પ્રકાશભાઇ વરમોરા
(૨૨) શ્રી દુર્લભજીભાઇ દેથરિયા
(૨૩) શ્રી રાકેશભાઇ દેસાઇ
(૨૪) શ્રી ચૈતન્યસિંહ ઝાલા
(૨૫) શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા
(૨૬) શ્રી ગૌતમભાઇ ચૌહાણ
(૨૭) શ્રી દિવ્યેશભાઇ અકબરી
(૨૮) ડો.કુબેરભાઇ ડીંડોર (શિક્ષણ મંત્રીશ્રી) (પ્રવચન અધૂરું)

૫. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

આ તબક્કે શાસક પક્ષના નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલે મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂક્યો, જેને અપક્ષ સભ્યશ્રી ધવલસિંહ ઝાલાએ ટેકો આપતા, તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી સભાગૃહનો સમય લંબાવ્યો.(૪–૫૬ કલાકે)

૬. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ડો.કુબેરભાઇ ડીંડોરે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યુ.

**સભાગૃહ, ગુરુવાર તા ૨જી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૫–૦૭ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧લી, માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.